ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવા માટે દિવ્યાંગોને સહાય આપવાની યોજનાનો સંકલિત ઠરાવ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.,
ઠરાવ ક્રમાંક: SJED/BOV/e-file/17/2022/1890/CHH-1
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૪/૨૦૨૩

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૦૨/૦૫/૨૦૧૮ નો ઠરાવ નં.અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ.૧

(૨) આ વિભાગનો તા.૩૧/૦૧/૨૦૧૯નો ઠરાવ નં.અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ.૧

(૩) આ વિભાગનો તા.૦૭/૦૩/૨૦૧૯નો ઠરાવ નં.અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ.૧

(૪) આ વિભાગનો તા.૩૦/૦૧/૨૦૨૦૨૩નો ઠરાવ નં.અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ.૧

(૫) આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણા વિભાગની Note-26.

**આમુખ :-**

વંચાણે લીધેલા ક્રમ-(૧) પરના ઠરાવથી દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના માટે વર્ષ-૨૦૧૮/૧૯નાં અંદાજપત્રમાં મંજુર કરેલ નવી બાબતની રૂ.૧૨૫.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધેલા ક્રમ-(૨) પરના તા.૩૧.૦૧.૨૦૧૯ ઠરાવથી સહાયના ધોરણો અને ચુકવણીની પદ્ધતિનો સમાવેશ કરી વિગતવાર ઠરાવ બહાર પાડવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમ-(3) પરના તા.૦૭.૦૩.૨૦૧૯ના ઠરાવથી તા.૩૧.૦૧.૨૦૧૯ના ઠરાવની શરત નંબર-૪,૫,૭,૯(અ) અને ૯(ક) તથા અરજી મંજૂર/નામંજૂર કરવાની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને આપવામાં આવેલ સત્તાની બાબત રદ કરી, ઠરાવની બાકીની શરતો યથાવત રાખીને નવી પાંચ શરતો ઉમેરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના તા.૦૭.૦૩.૨૦૧૯ના ઠરાવથી ઉમેરવામાં આવેલ શરતો રદ કરી નવી સાત શરતો વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના તા.૩૦.૦૧.૨૦૨૩ના ઠરાવથી ઉમેરવામાં આવેલ. વંચાણે લીધેલા ક્રમ-(૫) આગળની નાણા વિભાગની નોંધમાં દર્શાવેલ સ્પષ્ટતાઓ ઉમેરવાની ઉક્ત ક્રમ-(૪) આગળના ઠરાવમાં બાકી રહી ગયેલ. જેથી જરૂરી સ્પષ્ટતાનો અભાવ રહેતો હતો, જે દૂર કરવા તેમજ અગાઉના ઠરાવોની જોગવાઇઓ એકત્ર કરીને એક સંકલિત ઠરાવ બહાર પાડવાનું સરકારશ્રીના વિચારણા હેઠળ હતું. પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવા માટે દિવ્યાંગોને સહાય આપવાની યોજના માટે પાત્રતાના ધોરણો અને શરતો નીચે મુજબ રહેશે.

**પાત્રતાના ધોરણો-**

(૧) દિવ્યાંગની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઇશે.

(૨) દિવ્યાંગતાની ટકાવારી ૪૦ ટકા કે તેથી વધુ હોવી જોઇશે. તથા ૦ થી ૨૦ નો સ્કોર ધરાવતી બી.પી.એલ. યાદીમાં લાભાર્થીનું નામ હોવુ જોઇશે. S.E.C.C. – ૨૦૧૧ (સામાજીક, આર્થિક જાતિ આધારિત વસ્તી ગણતરી-૨૦૧૧) અન્વયે વંચિતતા ધરાવતા તથા યાદીમાં સમાવિષ્ટ દિવ્યાંગોને ખાસ અગ્રતા આપવાની રહેશે.

(૩) આ યોજનામાં ફક્ત અસ્થિ વિષયક દિવ્યાંગતા (Locomotor Disability) ધરાવતા દિવ્યાંગોને લાભ મળવાપાત્ર થશે.

(૪) ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની સહાય યોજના હેઠળ લાભાર્થીએ અગાઉ મેળવેલ ઈલેક્ટ્રીક સ્કુટર જો રદબાતલ થઇ ગયેલ હોય તેવા કેસમાં જો લાભાર્થી અન્ય રીતે યોજનાનો લાભ મેળવવા પાત્ર ઠરતા હશે તો પાંચ વર્ષ બાદ યોજનાનો લાભ પુન: મેળવવા અરજી કરી શકશે.

(૫) અરજદાર દિવ્યાંગ ઓળખપત્ર (Unique Disability Identification Card) ધરાવતા હોવા જોઇશે.

**શરતો-**

(૧) આ યોજના હેઠળ દર નાણાકીય વર્ષે રાજ્ય કક્ષાએથી જાહેરાત પ્રસિધ્ધ કરી દિવ્યાંગ અરજદારોની અરજીઓ જિલ્લા કક્ષાએ મેળવવાની રહેશે.

(૨) જિલ્લા કક્ષાએ જે અરજીઓ મળેલ હોય તે મંજૂર/નામંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની રહેશે અને જે તે જિલ્લાની ગ્રાન્ટની ઉપલબ્ધતા પ્રમાણે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ મંજૂર કરેલ લાભાર્થીને સહાયની ચૂકવણી કરવાની રહેશે.

(૩) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની લેખિત જાણકારી/મંજૂરી આદેશ તારીખથી લાભાર્થીએ ૩૦ દિવસની મુદ્દતમાં ઇ-સ્કુટરની ખરીદી કરવાની રહેશે. પરંતુ, અરજદારના આર્થિક સંજોગો તપાસતા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને યોગ્ય જણાશે તો આવી મુદ્દત વધુમાં વધુ ૬૦ દિવસ સુધી લંબાવી શકાશે.

(૪) ઇ-સ્કુટરની ખરીદી લાભાર્થીએ જેડા માન્ય એજન્સી અથવા જેડા માન્ય એજન્સીના ઓથોરાઇઝડ ડિલર પાસેથી પોતાના ફંડમાંથી કરવાની રહેશે અને ખરીદી અંગેનું ઓરીજનલ બીલ અને ઇ-સ્કુટર સ્વીકારતો ફોટો, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને રજૂ કર્યેથી મળવાપાત્ર સહાય રૂ.૨૫,૦૦૦/- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ જીલ્લા કક્ષાએથી જ લાભાર્થીના બેંક એકાઉન્ટમાં સીધી જ (Direct Benefit Transferથી) જમા કરાવવાની રહેશે.

(૫) આ યોજના હેઠળ જે જિલ્લા માટે નક્કી કરેલ લક્ષ્યાંકો કરતાં વધુ અરજીઓ આવેલ હશે તેવા કિસ્સામાં ઇનવર્ડ રજીસ્ટરમાં નોંધાયેલ અરજીના ક્રમ મુજબ લાભાર્થીને લાભ આપવાનો રહેશે.

(૬) જે જિલ્લામાં નિર્ધારીત લક્ષ્યાંક કરતાં ઓછી અરજીઓ આવેલ હશે તેવા જિલ્લાના લક્ષ્યાંક વધુ ઇ-સ્કુટરની માંગવાળા જિલ્લાને નિયામકશ્રી(સ.સુ.) કક્ષાએથી ફાળવી શકાશે, જેથી કુલ લક્ષ્યાંક મુજબની કામગીરી પૂર્ણ કરી શકાય.

(૭) તા.૦૧/૦૪/૨૦૨૩થી આ યોજનાની સંપૂર્ણ અમલવારી ઓનલાઇન પોર્ટલ મારફતે કરવાની રહેશે.

**<u>સ્પષ્ટતા</u>-**

(૧) આ યોજના હેઠળ હાલ ઇ-સ્કુટરની ખરીદી જેડા મારફતે નક્કી થયેલ એજન્સી પાસેથી જેડાએ નક્કી કરેલ કિંમત મુજબ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે, પરંતુ હાલમાં જેડા માન્ય એજન્સી ફક્ત લો-સ્પીડ ધરાવતા જ ઇ-સ્કુટરનું વેચાણ કરે છે તેમજ દિવ્યાંગ વ્યક્તિને ઇ-સ્કુટર આપવાની યોજના માટે લાયક ઠરેલ લાભાર્થી જો હાઇ-સ્પીડ ધરાવતું ઇ-સ્કુટર ખરીદવા માંગતા હોય તો લાભાર્થી તેમની પસંદગીનું ઇ-સ્કુટર મેળવી શકે તે હેતુથી હાઇ-સ્પીડ કે લો-સ્પીડ બંનેમાંથી કોઇ એક પ્રકારનું ઇ-સ્કુટર આપવામાં આવશે. લાભાર્થીએ જો લો-સ્પીડ વાળુ ઇ-સ્કુટર ખરીદવું હોય તો તે જેડા માન્ય એજન્સીમાંથી ખરીદવાનું રહેશે અને જો હાઇ-સ્પીડ ધરાવતું ઇ-સ્કુટર ખરીદવું હશે તો ફેમ-૨ અંતર્ગત નોંધાયેલ એજન્સીમાંથી ખરીદી કરવાની રહેશે. પસંદ કરેલ ઇ-સ્કુટર માટે ડ્રાઇવિંગ લાઇસન્સની જરૂરિયાત હશે તો તે પણ લાભાર્થીએ રજુ કરવાનું રહેશે.

(૨) દિવ્યાંગ વ્યક્તિને ઇ-સ્કુટરની ખરીદી પર જે સહાય આપવામાં આવશે તે રાજ્ય સરકાર કે ભારત સરકારની ઇ-સ્કુટર પર સબસીડી આપવાની યોજના ઉપરાંત વધારાની સહાય તરીકે મળવાપાત્ર રહેશે.

(૩) આ યોજના હેઠળ મળેલ ઇ-સ્કુટરનું લાભાર્થી પાછળથી વેચાણ ન કરે અને પોતાના કામકાજ માટે જ ઇ-સ્કુટરનો ઉપયોગ કરે તે માટે લાભાર્થી પાસેથી લેખિતમાં બાંહેધરી લેવામાં આવશે.

(૪) જે અરજદારને આ યોજનાનો લાભ મળેલ છે તેઓ અન્ય સાધન સહાય યોજના માટે અરજી કરી શકશે.

આ સાથે વંચાણે લીધેલા ક્રમ-(૨), (૩) અને (૪) આગળના ઠરાવ રદ કરવામાં આવે છે. હવે પછી આ યોજનાની સમિક્ષા એપ્રિલ-૨૦૩૩ દરમિયાન કરવામાં આવશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ નાણા વિભાગ અને સરકારશ્રીની તા:-૨૭/૦૪/૨૦૨૩ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
સંયુકત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

**પ્રતિ,**

1. માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
3. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
7. સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
8. છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
10. સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by:G P Patel
Joint Secretary
Date: 2023.05.06
15:33:29 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign